Extra No. 78

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] THURSDAY, MARCH 12, 2026 / PHALGUNA 21, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:

(૧) મુ.ઈ.(ઉ.ગુ.) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: S-32/2024/93842/D, તા.૨૩/૧૨/૨૦૨૪

(૨) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના પત્ર ક્રમાંક: ટ્રાફિક/જાહેરનામું/૫૮૨/૨૦૨૪, તા. ૦૨/૦૯/૨૦૨૪

(૩) સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, બાયડના પત્ર નં. પીઓએલ/SH-59/ટ્રાફિક/વશી/૩૭૦/૨૦૨૪, તા.૧૨/૦૯/૨૦૨૪

(૪) મોટર વ્હીકલ અધિનિયમ-૧૯૮૮

(૫) અત્રેની કચેરીના જાહેરનામા નં. ડી.સી/પી.ઓ.એલ/ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૭ થી ૨૨/૨૦૨૫, તા.૦૨/૦૧/૨૦૨૫

(૬)અત્રેની કચેરીના જાહેરનામા નં.ડી.સી/પી.ઓ.એલ/ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૧૬૦ થી ૧૭૦/૨૦૨૫, તા.૩/૦૨/૨૦૨૫

(૭) મુ.ઈ.(ઉ.ગુ.) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: S-32/2024/93842/D, તા.૦૧/૦૩/૨૦૨૫

(૮) અત્રેની કચેરીના જાહેરનામા નં.ડી.સી/પી.ઓ.એલ/ટ્રાફિક/જ હેરનામું/૩૩(૧)ખ/વશી/૨૨૮ થી ૨૩૮/૨૦૨૫, તા.૦૫/૦૩/૨૦૨૫

(૯) અત્રેની કચેરીના જાહેરનામા નં. ડી.સી/પી.ઓ.એલ/ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૪૦૯/૨૦૨૫, તા. ૦૬/૦૫/૨૦૨૫

(૧૦) અત્રેની કચેરીના જાહેરનામા નં. ડી.સી./પી.ઓ.એલ/ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૪૯૯/૨૦૨૫, તા.૧૦/૦૬/૨૦૨૫

(૧૧) અત્રેની કચેરીના જાહેરનામા નં. ડી.સી/પી.ઓ.એલ/ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૬૬૧/૨૦૨૫, તા. તા.૦૮/૦૮/૨૦૨૫

(૧૨) અત્રેની કચેરીના જાહેરનામા નં.પી.ઓ.એલ./ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૮૪૭/૨૦૨૫, તા.૧૩/૧૦/૨૦૨૫

(૧૩) અત્રેની કચેરીના જાહેરનામા નં.પી.ઓ.એલ./ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૮૮૪/૨૦૨૫. તા.૧૦/૧૧/૨૦૨૫

(૧૪) અત્રેની કચેરીના જાહેરનામા નં.પી.ઓ.એલ./ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૭/૨૦૨૬. તા.૦૯/૦૧/૨૦૨૬

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) હેઠળ

નં.પી.ઓ.એલ./ટ્રાફિક/જાહેરનામું/૩૩(૧)ખ/વશી/૧૧૮/૨૦૨૬ - નવરચિત અરવલ્લી જિલ્લાનું મુખ્ય મથક મોડાસા વહીવટી કેન્દ્ર,

શૈક્ષણિક કેન્દ્ર હોવાના નાતે જિલ્લાના તમામ વિભાગની સરકારી વડી કચેરીઓ અત્રે આવેલ હોઈ તેમજ શહેરના ઝડપથી થતા વિકાસના કારણે જાહેર રોડ ઉપર ટ્રાફિકની ગીચતા દિન પ્રતિદિન વધતી જાય છે. વધુમાં, અરવલ્લી જિલ્લાને રાજસ્થાન રાજ્યની સરહદ સ્પર્શતી હોઈ રાજ્ય બહારના વાહનોનું વ્યાપક પ્રમાણમાં અત્રેના જિલ્લામાં આવાગમન થઈ રહેલ છે.

અત્રેના જિલ્લામાંથી વડોદરા-મુંબઈ તરફ અવર-જવર કરવા મુખ્યત્વે SH-59 (મોડાસા-ધનસુરા-બાયડ-નડિયાદ) તથા SH-5 (મોડાસા-ગોધરા) સ્ટેટ હાઈવે ઉપલબ્ધ છે. પરંતુ SH-5 (મોડાસા-ગોધરા) ટોલ-વે હોઈ ટેક્સ બચાવવા રાજ્ય બહારના વાહનો SH-59 (મોડાસા-ધનસુરા-બાયડ-નડિયાદ) હાઈવેનો વધુ ઉપયોગ કરતા હોવાથી તે સ્ટેટ હાઈવે પર વ્યાપક પ્રમાણમાં ટ્રાફિક તથા તેના કારણે અવાર-નવાર અકસ્માતો થતા હોવાની રજુઆતો લોકો તરફથી અત્રેને મળેલ. જે અન્વયે જિલ્લા કક્ષાએ મળતી ટ્રાફિક સલાહકાર સમિતિ/પોલીસ સલાહકાર સમિતિમાં પણ ચર્ચા હાથ ધરી SH-59 હાઈવે પર વધતી જતી ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ લાવવા વિચારણા થયેલ. વધુમાં સદર બાબતે રાજ્ય સ્વાગતમાં પણ રજુઆત થયેલ છે.

જેના અનુસંધાને સંદર્ભ-૧ થી મળેલ સુચના તથા સંદર્ભ-૨ અને ૩ થી મળેલ અભિપ્રાય ધ્યાને લઈ સંદર્ભ-૪ની જોગવાઈઓ મુજબ સંદર્ભ-૫ થી સવારના ૦૮:૦૦ કલાક થી રાત્રિના ૦૮:૦૦ કલાક સુધી "SH-59 (મોડાસા-ધનસુરા-બાયડ-નડિયાદ)હાઈવે પરથી અવર-જવર પ્રતિબંધ ફરમાવી સદર વાહનોને અવર-જવર કરવા તેના વૈકલ્પિક ચારમાર્ગીય (ફોરલેન) સ્ટેટ હાઈવે-૦૫ (મોડાસા-માલપુર-લુણાવાડા-ગોધરા) અથવા નેશનલ હાઈવે નં.૪૮ (શામળાજી-હિંમતનગર-ચીલોડા) પૈકી પસંદ કરેલ માર્ગ પરથી પ્રવેશ કરવા અંગે એક માસ માટે જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું. જે સંદર્ભ-૬,૮,૯,૧૦,૧૧ અને ૧૨ ૧૩ અને ૧૪ થી વખતો-વખત જાહેરનામાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

જાહેર જનતાની સલામતી ધ્યાને લઈ SH-59 (મોડાસા-ધનસુરા-બાયડ-નડિયાદ) હાઈવે પર અકસ્માતો ઘટાડવાના પ્રયત્નોને ધ્યાને લઈને વધુ સમય માટે SH-59 (મોડાસા-ધનસુરા-બાયડ-નડિયાદ) હાઈવે પર ભારે વાહનોના કારણે વધેલ ટ્રાફિક ભારણને અંકુશમાં લાવવા, ટ્રાફિક સમસ્યાઓ/ગંભીર અકસ્માતો નિવારવા, ધાર્મિક પ્રસંગો દરમ્યાન પગપાળા ચાલતા શ્રધ્ધાળુઓની સગવડ/સલામતી સાચવવા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ પ્રાથમિક જાહેરનામું જાહેર હિતમાં અમલમાં રાખવું ઉચિત જણાય છે.

આથી હું પ્રશસ્તિ પારીક, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મળેલ સત્તાની રૂએ:

“મોટર વ્હીકલ એક્ટ-૧૯૮૮ મુજબ ભારે વાહનની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતા તમામ પ્રકારના નોંધાયેલા ભારે વાહનોને પ્રાયોગિક ધોરણે તા.૧૨.૦૩.૨૦૨૬ થી તા.૧૦.૦૫.૨૦૨૬ સુધી સવારના ૦૮:૦૦ કલાક થી રાત્રિના ૦૮:૦૦ કલાક સુધી “સ્ટેટ હાઈવે-૫૯ (મોડાસા-ધનસુરા-બાયડ-નડિયાદ) હાઈવે પરથી અવર-જવર પ્રતિબંધ ફરમાવી સદર વાહનોને અવર-જવર કરવા તેના વૈકલ્પિક ચારમાર્ગીય (ફોરલેન) સ્ટેટ હાઈવે-૦૫ (મોડાસા-માલપુર-લુણાવાડા-ગોધરા) અથવા નેશનલ હાઈવે નં.૪૮ (શામળાજી-હિંમતનગર-ચીલોડા) પૈકી પસંદ કરેલ માર્ગ પરથી પ્રવેશ કરવા અંગે આદેશ ફરમાવું છું.”

અપવાદ

સરકારી વાહનો, એસ.ટી. નિગમની બસો, ઈમરજન્સી વાહનો, સ્કુલવાન, દુધવાહન, એમ્બ્યુલન્સ, કાર્યક્રમમાં પધારનાર ભારે વાહનો તથા અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ GJ-09 તથા GJ-31 સિરીઝના સ્થાનિક ભારે વાહનોને સ્ટેટ હાઈવે નંબર-૫૯(મોડાસા-ધનસુરા-બાયડ) પરથી અવર-જવર માટે મુક્તિ આપવામાં આવે છે.

વધુમાં જરૂરીયાત મુજબના વાહનોએ સક્ષમ અધિકારીશ્રી, આર.ટી.ઓ., મોડાસાની પરવાનગી મેળવવાની રહેશે.

આ જાહેરનામાની તાત્કાલિક અસરથી અમલવારી કરવાની રહેશે તથા હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ - ૨૨૩ હેઠળ કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આ માટે ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ અધિકારીશ્રી હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૧મી માર્ચ,૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે બહાર પાડયું.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજિસ્ટ્રેટ,
અરવલ્લી-મોડાસા.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.22 17:26:29 IST